PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર


રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com


નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૫/કવા–૦૪/૧૫–૧૬/ 3618 તા. 18/03/16

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
મસરીભાઈ રામાભાઈ,
ઠે. વાડી વિસ્તાર,
રે.લાલુકા
તા.ખંભાળીયા,
મો : ૯૭૭૮૫ ૬૫૪૫૬

વિષય :–વીજપોલ બદલી આપવા અંગે
સંદર્ભ:– આપની અરજી , તા. ૩૦–૦૧–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર : ૩૫/કવા–૦૪/૧૫–૧૬)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 02)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા
(૩) નાયબ ઈજનેર શ્રી , પીજીવીસીએલ ,પેટા વિભાગીય કચેરી,વડત્રા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 04 [A]

# <u>ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)</u>

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

કેસ નં. : સીજીઆરએફ : ૩૫/ક્વા–૦૪/૧૫–૧૬ કમિટિ મીટીંગ તા.૧૬–૦૪–૧૬ સ્થળ :–જામખંભાળીયા

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: મસરીભાઈ રામાભાઈ, ગામ: લાલુકા
રજુઆત કરનાર : અરજદાર શ્રી મસરીભાઈ રામાભાઈ હાજર રહેલ હતા

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, વડત્રા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામખંભાળીયા)
રજુઆત કરનાર : ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર કે.એ.કરમુર, વિભાગીય કચેરી, જામખંભાળીયા

---

## : હુકમ:

**ફરીયાદ : વીજપોલ બદલી આપવા અંગે**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

૧.૧ અરજદાર જણાવે છે કે, તેઓના ગામ : લાલુકા ખાતે વાડી વિસ્તાર મા આવેલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૯૧ ૦૦૧૨૧ ૧, ની વીજલાઈન જુન ૧૫ ના વરસાદ ના કારણે ૦૩ થાંભલાઓ પડી ગયેલ છે. જેથી, સદર ખેતીવાડી વીજજોડાણ તેમજ ખેતઘર જોડાણ મા, છેલ્લા ૧૦ માસ પાવર સપ્લાય બંધ છે. વારંવાર રજુઆતો કરવા છતા. સદર વિજથાંભલા તથા વીજતાર નવેસર થી ઉભા કરી અને પાવર સપ્લાય ચાલુ કરાયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) પક્ષકાર ની રજુઆત**

૨.૧ ફરીયાદી અરજદાર શ્રી મસરીભાઈ રામાભાઈ ની સવાલવાળી ફરીયાદ વાળુ, તેમના પિતાશ્રી રામાભાઈ ખોડાભાઈ ના નામ પર નુ, ખેતીવાડી વીજજોડાણ નં.:૮૮૯૯૧ ૦૦૧૨૧ ૧, જે, તેઓના ગામ : લાલુકા ખાતે વાડી વિસ્તાર મા આવેલ છે. જે, મુળ ગ્રાહક એટલેકે શ્રી રામાભાઈ ખોડાભાઈ સ્વર્ગસ્થ થયેલ હોય, હાલ, આ જોડાણ ની જમીન ના ભોગવટો તેમના સીધીલીટી ના વારસદાર એવા ફરીયાદી શ્રી મસરીભાઈ રામાભાઈ કરતા હોય, તે મુજબ તેમના પિતાશ્રી નુ સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૯૧ ૦૦૧૨૧ ૧, હાલ, તેમના સીધીલીટી ના વારસદાર ને મળેલ વારસાઈ જમીન પર નુ હોય, ફરીયાદી અરજદાર શ્રી મસરીભાઈ રામાભાઈ ની હકુમત ની જમીન પર નુ છે. આ ખેતીવાડી વીજજોડાણ ની વીજલાઈન ના કુલ ૦૩ થાંભલાઓ, જે માહે જુન ૧૫ ના વરસાદ ના કારણે, તા.૨૩ ૦૬ ૧૫ ના રોજ પડી ગયેલ હોય, જે તે સમયે સદર થાંભલાઓ ઉભા કરી અને જોડાણ મા પાવર સપ્લાય ચાલુ કરવાની અરજદાર શ્રી ની પીજીવીસીએલ સમક્ષ ની સબંધક પેટા વિભાગીય કચેરી મા કરાયેલ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી, કોન્ટ્રાકટર મારફત સદર ૦૩ થાંભલાઓ વાળી, વરસાદ મા પડી ગયેલ લાઈન ઉભી કરવાની કામગીરી હાથ ધરાયેલ હતી. આ કામગીરી સમયે, અરજદાર શ્રી ના પડોશીઓ, એવા મુળ સ્વ. ગ્રાહક શ્રી રામાભાઈ ખોડાભાઈ ના પુત્રો અને સીધીલીટી ના વારસદારો એવા શ્રી (૧) લખમણભાઈ રામાભાઈ તથા (૨) શ્રી ઉકાભાઈ રામાભાઈ એ, સદર પડી ગયેલ વીજલાઈન ૦૩ થાંભલાઓ ઉભા કરવાની કામગીરી સામે વાંધો ઉઠાવી અને અટકાવેલ હતી. આવા કારણોસર, જે તે સમયે વીજલાઈન ઉભી થઈ શકેલ ન હતી. પરંતુ, ત્યારબાદ, અન્ય સ્થિતીએ સદર થાંભલાઓ ઉભા થઈ ચુકેલ છે, અને વીજતાર વગેરે ની કામગીરી બાકી છે. આમ, સદર કેઈસ ના પડોશીઓ ( ફરીયાદી અરજદાર શ્રી ના ભાઈઓ એટલેકે સ્વ. ગ્રાહક શ્રી ના અન્ય વારસદારો) નો વાંધો મોજુદ હોય, આ વાંધેદારો ની લેખીત સંમતીવગર, સદર વીજલાઈન ઉભી થઈ શકે તેમ નથી. હાલ ના તબક્કે, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ રીવાઈઝ સપ્લાય કોડ ( નામદાર જીઈઆરસી ના ધારાધોરણ એટલેકે નોટીફીકેશન નંબર: ૦૪ ૨૦૧૫ ) ના મુદ્દા નં. ૪.૨૭.૪ મા કરાયેલ જોગવાઈ મુજબ વાંધાઓ બાબત નુ નિરાકરણ એટલેકે ને ક્લીઅરન્સ અરજદાર શ્રી એ પોતેજ મેળવી એટલેકે વાંધાઓની પતાવટ અરજદારે પોતાના મારફત જ કરી પતાવટ થયા સબબ નો લેખીત પત્ર (વાંધેદારોની સહીઓ સાથે નો રૂ.૧૦૦ ના સ્ટેમ્પપેપર પર નો સમાધાન ના રૂએ વાંધા પતાવટ થયા સબબ નો સંમતીપત્ર) પીજીવીસીએલ મા રજુ કરવાનો રહેશે. આ મુજબ ની કાર્યવાહી અરજદાર પક્ષકાર તરફથી થયે, અરજદાર શ્રી ના સદર ખેતીવાડી વીજજોડાણ ની વીજલાઈન, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ની હાજરી, સંમતી હેઠળ ઉભી કરી આપવામા આવશે.

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

**૩.૧** ફરીયાદ અરજદાર શ્રી મસરીભાઈ રામાભાઈ ના પિતાશ્રી રામાભાઈ ખોડાભાઈ ના નામના, તા.૦૫-૦૬-૧૯૮૧ થી ચાલુ કરાયેલ ખેતીવાડી વીજજોડાણ, કે જે, હાલ ગ્રાહક શ્રી રામાભાઈ ખોડાભાઈ ના પુત્ર અને ફરીયાદી અરજદાર શ્રી મસરીભાઈ રામાભાઈ ની માલીકી ની ખેતીવાડી સર્વે નંબર વાળી જમીન પર આવેલ છે. બીલીંગ એકાઉન્ટ મા આ જોડાણ કપાયેલ નથી. પરંતુ ચાલુ છે. અને આ જોડાણ ના વીજબીલો ની કોઈ ચડત રકમ પણ વસુલાત અન્વયે બાકી લેણી નથી. આ જોડાણ ના ૦૩ થાંભલાઓ, જે અગાઉ વર્ષ--૨૦૧૫ ના જુન માસ ના વધુ વરસાદ ને કારણે તા.૨૩-૦૬-૧૫ ના રોજ પડી ગયેલ હોય, સદર થાંભલાઓ ઉભા કરવા માટે ની ફરીયાદી અરજદાર શ્રી ની, અગાઉ ની પીજીવીસીએલ સમક્ષ ની ફરીયાદ ને અનુલક્ષીને, પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે સદર ૦૩ થાંભલાઓ ઉભા કરવાની કામગીરી હાથ ધરાયેલ હતી. આ સમયે, અરજદાર શ્રી ના પડોશીઓ, એવા મુળ સ્વ. ગ્રાહક શ્રી રામાભાઈ ખોડાભાઈ ના પુત્રો અને સીધીલીટી ના વારસદારો એવા શ્રી (૧) લખમણભાઈ રામાભાઈ તથા (૨) શ્રી ઉકાભાઈ રામાભાઈ એ, સદર પડી ગયેલ વીજલાઈન ૦૩ થાંભલાઓ ઉભા કરવાની કામગીરી સામે વાંધો ઉઠાવી અને વીજલાઈન ઉભા કરવાની કામગીરી અટકાવેલ હતી. આવા કારણોસર, જે તે સમયે વીજલાઈન ઉભી થઈ શકેલ ન હતા. પરંતુ, ત્યારબાદ, પીજીવીસીએલ કક્ષાએથી આ ૦૩ થાંભલાઓ ઉભા થઈ ચુકેલ છે, પરંતુ, વાંધેદારો એ આગળ ની કામગીરી અટકાવી દેતા, હાલ સદર વીજલાઈન ના વીજતાર લગાડી અને જોડાણ નો વીજપુરવઠો પુરવાર કરવાની કામગીરી બાકી છે.

**૩.૨** આમ, ઉપરોક્ત મુદ્દા નં.૩.૧ મુજબ ની વિગતે, સદર કેઈસ મા, પડોશીઓ ( ફરીયાદી અરજદાર શ્રી ના ભાઈઓ એટલેકે સ્વ. ગ્રાહક શ્રી ના અન્ય વારસદારો) નો વાંધો મોજુદ હોય, આ વાંધેદારો ની લેખીત સંમતીવગર, સદર ઉભા કરાયેલ ૦૩ થાંભલાઓની વીજલાઈન પર વીજતાર લગાડી અને જોડાણ નો પુરવઠો પુરો કરવાની કામગીરી થઈ શકે તેમ નથી. હાલ ના તબક્કે, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ રીવાઈઝ્ડ સપ્લાય કોડ ( નામદાર જીઈઆરસી ના ધારાધોરણ એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪ ૨૦૧૫ ) ના મુદ્દા નં. ૪.૨૭.૪ મા કરાયેલ જોગવાઈ મુજબ વાંધાઓ બાબતે નુ નિરાકરણ એટલેકે વે ક્લીઅરન્સ અરજદાર શ્રી, એટલેકે જોડાણ ના ઉપભોક્તા એવા, જોડાણ ના હિતકાર એવા ગ્રાહક અને અરજદાર શ્રી એ જ, સ્વયં પોતે જ, પોતાની સ્વયં કક્ષાએથી, સદર પ્રકાર ના વાંધાઓની પતાવટ, જે માત્ર અરજદારે પોતાના મારફતે જ કરી, અને સવાલવાળી વાંધા પતાવટ થયા સબબ નો લેખીત પત્ર ( જે વાંધેદારોની સહીઓ સાથે નો રૂ.૧૦૦ ના સ્ટેમ્પપેપર પર નો સમાધાન ની રૂએ વાંધા પતાવટ થયા સબબ નો સંમતીપત્ર) પીજીવીસીએલ ને રજુ કરવાનો રહેશે. આ બાબત નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અને માર્ગદર્શીકાને આનુષાંગીક જ છે. જેથી, ફરીયાદી અરજદાર પક્ષકાર તરફથી આ મુજબ ની કાર્યવાહી હેઠળ, સ્વયં અરજદાર પક્ષકાર તરફથી વાંધા પતાવટ કરાયા બાદ જ, અરજદાર શ્રી ના સદર ખેતીવાડી વીજજોડાણ ની વીજલાઈન, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ની હાજરી, સંમતી હેઠળ ઉભી કરી આપવામા આવશે.

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

**૪.૧** સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની માંગણી મુજબ ના, તેઓ શ્રી ના પિતાશ્રી ના નામે આવેલ ખેતીવાડી વીજજોડાણ ની વીજલાઈન ના, ૦૩ થાંભલાઓ અને સંપુર્ણ વીજલાઈન જે સંપુર્ણ પણે ઉભા કરી અને જોડાણ નો વીજપુરવઠો પૂર્વવત કરવા માટે, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ રીવાઈઝ્ડ સપ્લાય કોડ ( નામદાર જીઈઆરસી ના ધારાધોરણ એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪ ૨૦૧૫ ) ના મુદ્દા નં. ૪.૨૭.૪ મા કરાયેલ જોગવાઈ મુજબ સદર વાંધેદારો ના વાંધાઓ બાબતે નુ નિરાકરણ એટલેકે વે ક્લીઅરન્સ અરજદાર શ્રી, એટલેકે જોડાણ ના ઉપભોક્તા એવા, જોડાણ ના હિતકાર એવા ગ્રાહક અને અરજદાર શ્રી એ જ સ્વયં પોતે જ, પોતાની સ્વયં કક્ષાએથી, સદર પ્રકાર ના વાંધાઓની પતાવટ, જે માત્ર અરજદાર પોતાના મારફતે જ કરી, અને સવાલવાળી વાંધા પતાવટ થયા સબબ નો લેખીત પત્ર ( જે વાંધેદારોની સહીઓ સાથે નો રૂ.૧૦૦ ના સ્ટેમ્પપેપર પર નો સમાધાન ની રૂએ વાંધા પતાવટ થયા સબબ નો સંમતીપત્ર) પીજીવીસીએલ મા, ફરીયાદી અરજદાર તરફથી રજુ કરાયા બાદ જ એટલેકે સ્વયં અરજદાર પક્ષકાર તરફથી વાંધા પતાવટ કરાયા બાદ જ, અરજદાર શ્રી ના સદર ખેતીવાડી વીજજોડાણ ની વીજલાઈન, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ની હાજરી, સંમતી હેઠળ ઉભી કરી અને, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે.

( કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન.ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ [illegible] સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સંબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમા વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમા કરવો જરૂરી છે..